| |
|---|
| **અગ્રતા ક્રમાંક : ૦૧ પ્રશ્ન ક: ૧૩૯૯**<br>**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર)**<br>**“અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ દંડ ”** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી–** |
| **પૂરક પ્રશ્ન (૭)** ઈ–ચલણ બનાવવાની પ્રક્રિયા? વાહનની ઓળખની પદ્ધતિ. |
| **જવાબ: માન. અધ્યક્ષશ્રી**<br><br>ઈ–ચલણ બનાવવાની પ્રક્રિયા ખૂબ જ સરળ છે. જેમકે હાલમાં સ્ટોપ લાઈન વાયોલેશનનો કોઈ વ્યક્તિ ભંગ કરે તો જંકશન પર ઈન્સ્ટોલ કરવામાં આવેલ Red Light violation detection (RLVD) કેમેરાથી તેનું રેડ લાઈટ સિગ્નલ ઝંપ નો ટ્રાફિક નિયમભંગ કેમેરામાં કેચ થઈ જશે જેમાં Automatic Number Plate Recognition (ANPR) કેમેરા દ્વારા તે વ્હીકલનો આર.ટી.ઓ.નંબર રીડ થઈ જશે.<br>આમ, ટાઈપ ઓફ વ્હીકલ, નંબર પ્લેટ તેમજ આખા જંકશનનો ફોટો એમ કુલ 3 ફોટો કેપ્ચર થશે જેમાં ખરેખર વ્યક્તિએ ટ્રાફિક નિયમન ભંગ કરેલ છે કે કેમ તે જાણી શકાય છે અને તેના નંબર પ્લેટનો ડેટા વાહન અને સારથી સર્વરમાંથી આવતા ઓનર્સની મોબાઈલ નંબર સાથેની વિગતો ચલણ બનાવતી વખતે દેખાય છે જેને સીસીટીવી કંટ્રોલરુમમાં કર્મચારી દ્વારા ચકાસણી/વેરીફાય કરી ચલણને એપ્રુવલ આપવામાં આવે છે. |